# અડાલજ પાસે પોલીસના સ્વાંગમાં લૂંટ ચલાવનાર બે શખ્સો ઝડપાયા

## આરોપીઓ પોલીસ તરીકેની ઓળખ આપી પ્રેમી પંખીડાઓને દમદાટી આપી લૂંટ ચલાવતા હતા : છેલ્લા એક માસમાં પોલીસના નામે લૂંટ થયાની ૩ ઘટના બની હતી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર નજીકના અડાલજ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી પોલીસની ઓળખ આપી લૂંટ થતી હોવાની ફરિયાદ પ્રકાશમાં આવી હતી. ત્યારે અડાલજ પોલીસે આજે જુદા જુદા બે ગુનામાં પોલીસ તરીકેની ખોટી ઓળખ આપી લૂંટ ચલાવનાર બે નકલી પોલીસને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. પોલીસે ૪૮ કલાકમાં જ આરોપીઓને પકડી તેમના વિરૂદ્ધમાં કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવની સૂચના અને પી.આઈ. કે.કે. પંડ્યાના માર્ગદર્શન હેઠળ અડાલજ પી.એસ.આઈ. પી.સી. સરવૈયાની ટીમ વિવિધ ગુના આચરનાર આરોપીઓને ઝડપી પાડવા અડાલજ વિસ્તારમાં સઘન ચેકીંગ હાથ ધર્યુ હતુ. આ દરમિયાન પોલીસની ટીમને કેનાલ આસપાસમાં બ્લેક પલ્સર બાઈક પર પોલીસનું સ્ટીકર અને લાકડી લગાવી ફરતા શખ્સ પર શંકા જતા તેને અટકાવી પુછપરછ કરતા તેની પાસે પોલીસનું કોઈપણ આઈકાર્ડ ન હતુ. આથી પોલીસે આ નકલી પોલીસ બની દમ મારતા ઠગને ઝડપી પોલીસમથકે લાવી ગંભીર પુછપરછ કરી હતી. જેમાં નકલી પોલીસ તરીકેની ઓળખ આપનાર અમદાવાદની રામદેવપીરની ચાલી ગાંધીવાસ મોટેરા અમદાવાદમાં રહેતા ધવલ શીવાભાઈ પરમાર ગુજરાત પોલીસની ઓળખ આપી અવારનવાર પ્રેમીપંખીડાઓને



પોલીસની દમદાટી આપી રોકડ અને મોબાઈલની લૂંટ ચલાવતો હોવાની કબુલાત કરી હતી. આરોપીએ અગાઉ પણ અનેક પ્રેમીડાઓને હેરાન પરેશાન કરી લૂંટ ચલાવી ચુક્યો છે. અડાલજ પોલીસે આરોપી ધવલ પાસેથી કોલેજ આઈકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, મોબાઈલ સહિતનો રૂ. ૧૩,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ઉપરાંત અડાલજ પોલીસે ઝુંડાલ નર્મદા કેનાલ તરફ આવતા એક ઈસમ પલ્સર બાઈક નં. જીજે. ૧૮. કે.૨૩૮૪ લઈ ઉભો હતો જેને શરીર પર સફેદ કલરની ટીશર્ટ જેના પર ગુજરાત પોલીસ લખેલ તથા કમરે ખાખી કલરનું પેન્ટ લાલ ચામડાના બુટ, બેલ્ટ, ખાખી મોજા પહેરી પોલીસના પહેરવેશમાં હાજર હતો. પોલીસે નામ ઠેકાણું પુછતા પોતાનું નામ અલ્પેશ રામજીભાઈ ઝાલા દુર્ગા પાર્ક સોસાયટી મકાન નં. ૮ ચાંદખેડા અમદાવાદ અને પોતે ક્રાઈમ બ્રાન્ચમાં નોકરી કરતાં હોવાની જાણકારી આપી હતી. જેનું આઈકાર્ડ માંગતા પોતાની પાસેનું આઈકાર્ડ નથી તેમ કહી ગલ્લાતલ્લા કરતા પોલીસને આની પર શંકા ગઈ હતી. આથી અડાલજ પોલીસે તેને પોલીસ મથકે લાવી પુછપરછ કરતા આરોપી પોલીસનો સ્વાંગ રચી નાગરિકોને ખોટી રીતે ઠગતો અને લુંટ ચલાવતો હોવાની જાણકારી મળી હતી. આથી અડાલજ પોલીસે આ બન્ને નકલી પોલીસની અટકાયત કરી તેમના વિરૂદ્ધમાં ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**પપ્પા રીઝલ્ટ જોઈને અકળાવાનું નહીં... હું એ દેશમાં જનમ્યો છું જેમાં ચા વાળો પ્રધાનમંત્રી છે.. ભજીયાવાળો કરોડ પતી છે... એટલે મારુ ભવિષ્યની ચિંતા ન કરો...!!!**

## આવતી કાલે વર્ષનો સૌથી ટૂંકો દિવસ

આવતી કાલે બુધવારે તા. ૨૧ ડિસેમ્બરે રાત લાંબી અને દિવસ ટૂંકો અનુભવાશે. પૃથ્વી ૨૩.૫ અંશે ઝુકેલી હોવાના કારણે દિવસ-રાતમાં લાંબા-ટૂંકા ફેરફાર અને ઋતુઓ ઉત્પન્ન કરવામાં કારણભૂત છે.

સૂર્ય ઉત્તર દિશા તરફ ગતિ કરે છે તેથી ઉત્તરાયણ કહેવામાં આવી છે. પૃથ્વીની ધરી સીધી હોત તો દિવસ રાત ૧૨-૧૨ કલાકની બને છે. પરંતુ બુધવારે ૧૩ કલાક અને ૧૪ મિનિટની સૌથી લાંબી રાત્રીનો લોકોને અનુભવ થશે. સૂર્ય તેના આકાશના વિચરણમાં ઉત્તર ગોળાર્ધમાં ૨૩.૫ અક્ષાંશ સુધી જ જાય છે અને પછી પાછો ફરે છે. તે ૨૩.૫ અંશ ઉત્તર અક્ષાશને ઓળંગતો નથી. પૃથ્વી ઉપર ૨૩.૫ ઉત્તર અક્ષાંશને કર્કવૃત્ત કહે છે. પૃથ્વી પરના ૨૩.૫ દક્ષિણ અક્ષાંશને મકરવૃત્ત કહે છે.

પૃથ્વીની ૨૩.૫ અંશે ઝુકેલી ધરીને કારણે પૃથ્વી પર ઋતુઓ ઉત્પન્ન થાય છે. અને ધ્રુવ પ્રદેશો પર ૬-૬ મહીનાના દિવસ અને રાત થાય છે. પૃથ્વીના ગોળા પર ઊંચે અક્ષાંશે જયાં બારે માસ ઠંડી રહે છે અને બારે માસ બરફ છવાયેલો રહે છે. આમ બુધવારે લોકો લાંબામાં લાંબી રાત્રિનો અનુભવ કરી બીજે દિવસથી દિવસ ક્રમશઃ લાંબો અને રાત નાની થશે. તેમજ દર વર્ષે તા. ૨૨ જૂનના રોજ વર્ષનો સૌથી લાંબો દિવસ અને ટૂંકી રાત હોય છે અને તા. ૨૧ સપ્ટેમ્બરના રોજ દિવસ અને રાત સરખા હોય છે. આ બધી જ ખગોળીય ઘટનાઓ પૃથ્વીના પરિભ્રમણ પર આધારીત હોય છે અને ઋતુઓ પણ આ રીતે જ બદલાય છે. ખગોળીય ઘટના જોવી એ જીંદગીનો યાદગાર પ્રસંગ છે.



પેથાપુર નગરપાલિકા દ્વારા તા. ૧૯-૧૨-૨૦૧૬ના રોજ યોજાયેલ ડીઝીટલ પેમેન્ટ અંગે કાર્યક્રમમાં ૪૫૦ જેટલા વેપારીઓ, બેંકના કર્મચારીઓ, નગરના નાગરીકો, નગરપાલિકાના પદાધિકારીઓએ ભાગ લીધો હતો. જેમાં ડીઝીટલ પેમેન્ટ અંગે હાજર તમામ લોકોને માહિતગાર કરવામાં આવેલ. જન જાગૃતિ સેમીનાર જિલ્લા વહીવટી તંત્ર તથા લીડ બેંક અને પેથાપુર નગરપાલિકા સંયુક્ત ઉપક્રમે કરવામાં આવેલ જેમાં નગરપાલિકાના પ્રમુખ રણજીતસિંહ વાઘેલા, કારોબારી ચેરમેન મનિષભાઈ પટેલ, નગરપાલિકાના ચીફ ઓફીસર એચ.પી. વાલેરા, પેથાપુર વેપારી મંડળના પ્રમુખ અસરસિંહ વાઘેલા તથા અન્ય સભ્યો હાજર રહેલ અને જરૂરી માર્ગદર્શન લીડ બેંકના અધિકારી ગાંધીનગરથી પંડ્યાએ પુરી પાડી હતી.

## રાજ્યના જોડાણને બદલે અન્ય બોર્ડના અભ્યાસક્રમો ચલાવતી શાળાઓના સંચાલકોને નોટીસ ફટકારાઈ

ગાંધીનગર, તા. ૧૯

જિલ્લાની ૭ શાળાઓ રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથેના જોડાણ બાદ અન્ય બોર્ડના અભ્યાસક્રમ ચલાવતી હતી તેમના સંચાલકોને કારણદર્શક નોટીસ આજે તંત્ર દ્વારા પાઠવવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ શાળાઓ અંગેની તપાસનો વિગતવાર અહેવાલ રાજ્ય સરકારના શિક્ષણતંત્રને પણ મોકલી આપવામાં આવેલ છે.

જિલ્લાની ૧૦૭ શાળાઓ જે અંગ્રેજી માધ્યમની હતી તેની ત્રણ દિવસ સુધી સઘન તપાસ જુદી જુદી ટીમો બનાવી કરવામાં આવી હતી. જે પૈકી ૭ શાળાઓ રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડનું જોડાણ ધરાવતી હોવા છતાં અન્ય બોર્ડના અભ્યાસક્રમો ચલાવતી માલુમ પડી હતી.

## બીએસએનએલ દ્વારા મફત કોલની આકર્ષક ઓફર

ગાંધીનગર, તા.૧૯

બીએસએનએલ તેના ગ્રાહકો માટે અવારનવાર આકર્ષક સ્કીમ ઉપલબ્ધ કરાવે છે. નવા વર્ષના પ્રારંભથી બીસએનએલ સમગ્ર દેશમાં મફત કોલીંગની શાનદાર ભેટ આપી રહી છે. નિશ્ચિત ડેટા પેક પર આ સ્કીમ ઉપલબ્ધ છે. કોઈ પણ સમયે દેશના કોઈ પણ ખુણે આ સ્કીમ હેઠળ કોલ થઈ શકશે.

## વાસણીયા મહાદેવ ગામે યુવાનનું મોત

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર નજીકના વાસણીયા મહાદેવ ગામે યુવાન ખેતરમાં અચાનક જ ઢળી પડતા તેનું કરૂણ મોત નિપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીકના વાસણીયા મહાદેવ ગામે ઠાકોર વાસમાં રજીજી આતાજી ઠાકોર (ઉં.વ.૪૦) પરિવાર સાથે રહે છે અને ખેત મજુરી કરી જીવન ગુજરાન કરે છે. આજે સારવારના સુમારે ૪૦ વર્ષીય રજીજી પોતાના ખેતરમાં પાણી વાળી રહ્યા હતા ત્યારે અચાનક જ જમીન પર ઢળી પડતા તુરંત ખાનગી વાહનમાં ગાંધીનગર સિવિલમાં લાવવામાં આવ્યા હતા. જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કિસાનોને પડતી મુશ્કેલી ઘઉં પરની આયાત ડ્યુટી દૂર કરવાની માંગ સાથે ભારતીય કિસાન સંઘે આવેદનપત્ર આપ્યું

ગાંધીનગર, તા. ૧૯

નોટબંધીને કારણે કિસાનોને પડતી મુશ્કેલી તેમજ ઘઉંની આયાત ડ્યુટી રદ કરવા સહિતના પ્રશ્નો અંગે આજે ભારતીય કિસાન દ્વારા જિલ્લા કલેક્ટરોને આવેદનપત્ર આપવામાં આવ્યા હતા.

ભારતીય કિસાન સંઘે એક યાદીમાં જણાવ્યું છે કે નોટબંધીના નિર્ણયને આજે ૪૧ દિવસ પછી પણ પરિસ્થિતિ સામાન્ય ન બનતા અને કિસાનોને રોજીંદા કૃષિલક્ષી વ્યવહારોમાં કરવી પડતી હાડમારીના કારણે કિસાનોની મુશ્કેલીમાં વધારો થતો રહ્યો છે. બેંકોમાંથી પુરા નાણા મળતા નથી. કેશલેસ ઝુંબેશના કારણે રોજીંદી રોકડ દ્વારા થતાં વ્યવહારો બંધ થઈ જતા દિવસે અને દિવસે મુશ્કેલી પડી રહી છે ત્યારે આ અંગે સરકારનું ધ્યાન દોરવા અને આ અંગે તાત્કાલિક પગલા લેવા માટે આવેદનપત્ર આપીને રજુઆત કરવી પડી છે.

કો.ઓપરેટીવ બેંકોના બાનના કારણે ગ્રામ્ય કક્ષાએ સેવા સહકારી મંડળી ક્ષેત્રે પણ કારોબારમાં અગવડો પડી રહી છે. નાણા રોકડ મળતા નથી. ઘણા આકસ્મિક વ્યવહારો સહિત ખેતી કરવામાં કિસાનો ઓજ ખુબ જ વિટંબણામાં પડ્યા છે. શાકભાજીનું ઉત્પાદન કરનાર ખેડૂતોને રાતે પાણીએ રોવાનો વારો આવ્યો છે.

## સ્ટ્રીટ વેન્ડર્સની આજીવિકા સુનિશ્ચિત કરવા અસરકારક પગલાં

શહેરો અને નગરોમાં છૂટક વેચાણ કરી આજીવિકા મેળવતા શેરી ફેરીયાઓ અને પાથરણાવાળા-સ્ટ્રીટ વેન્ડર્સના વ્યાપક હિતનું રક્ષણ કરવા અને તેઓની આજીવિકાનું રક્ષણ કરવાના ઉમદા હેતુ સાથે ગુજરાત સ્ટ્રીટ વેન્ડર્સ (પ્રોટેક્શન ઓફ લાઇવલીહુડ એન્ડ રેગ્યુલેશન ઓફ સ્ટ્રીટ વેન્ડીંગ) રૂલ્સ – ૨૦૧૬ને આખરી ઓપ આપ્યો છે.

ભારત સરકારના ૨૦૧૪ના સ્ટ્રીટ વેન્ડર્સ (પ્રોટેક્શન ઓફ લાઇવલીહુડ એન્ડ રેગ્યુલેશન ઓફ સ્ટ્રીટ વેન્ડીંગ) એક્ટ અંતર્ગત ગુજરાત સરકારે આ ૨૦૧૬ના રૂલ્સ બનાવી તેને આખરી કર્યા છે.

હવે પછી એક્ટની કલમ ૩૮ પ્રમાણે વેન્ડીંગ સ્કીમ આખરી કરવામાં આવશે જેના પરિણામે રાજ્યમાં સ્ટ્રીટ વેન્ડીંગ – શેરી ફેરી પ્રવૃત્તિ કરનારા ફેરિયાઓને ઓળખ કાર્ડ અને પ્રમાણપત્ર મળશે તેમજ ફેરીના ક્ષેત્રોની સમાવેશ ક્ષમતા નક્કી કરવાના સિધ્ધાંતો મુજબ ભવિષ્યમાં નક્કી થનારા વેન્ડીંગ ઝોન્સમાં આવા નોંધાયેલા ફેરીયાઓને ધંધા માટે જગ્યા આપવામાં આવશે. આ ઉદાત અભિગમને પરિણામે તેઓની આજીવિકા સુનિશ્ચિત અને રક્ષિત બનશે અને જિંદગી સગવડભરી બનશે.

# હવે, ગુજરાતના ખેલાડીઓ પણ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઝળકશે

## દિલ્હી પબ્લિક સ્કૂલ ખાતે પાંચ દિવસીય સ્પોર્ટ્સ ફિએસ્ટાનો રમતગમત મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ પ્રારંભ કરાવ્યો : ક્રિકેટર મુનાફ પટેલ તથા કબડ્ડી સ્ટાર સંદિપ નરવાલ અને અમિત હુડા ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર, તા. ૧૯

"ગુજરાત રમવા માંડ્યુ છે અને જે રમે છે તે જીતે છે" ગાંધીનગરના કોબા સર્કલ પાસેની તેમજ મનમોહનક માર્ચપાસ્ટથી સંકુલમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત પ્રેક્ષકો મંત્રમુગ્ધ થયા હતા. રાજ્યના રમતગમતમંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ આટલી કાળજી લેવા બદલ શાળા સંચાલકોને બિરદાવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ડીપીએસ ખાતે પાંચ દિવસ ચાલનારા આ



દિલ્હી પબ્લિક સ્કૂલ ખાતે પાંચ દિવસીય "સ્પોર્ટસ ફિએસ્ટા"નો પ્રારંભ કરાવતા રાજ્યના રમતગમત મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ કહ્યું હતું કે ખેલ મહાકુંભમાં રાજ્યભરમાંથી ૩૫ લાખ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો તે ગુજરાતનો રમત પ્રત્યે બદલાયેલો અભિગમ દર્શાવે છે. તેમણે આશાવાદ રજૂ કર્યો હતો કે હવે આગામી સમયમાં ગુજરાત પણ રમતગમત ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય કક્ષાએ કાઠું કાઢશે. ડીપીએસ ખાતે પ્રારંભ થયેલ ખેલ મહોત્સવના ઉદ્‌ઘાટન સમારોહમાં ભારતીય ક્રિકેટર મુનાફ પટેલ, ભારતીય કબડ્ડી ટીમના તથા પ્રો-કબડ્ડીના સ્ટાર ખેલાડીઓ સંદિપ નરવાલ તથા અમિત હુડા તેમજ રણજી ટ્રોફી ક્રિકેટ પ્લેયર સલિલ યાદવ ઉપસ્થિત રહ્યા હતા.

અત્યંત આકર્ષક રીતે સુશોભિત ડીપીએસ કેમ્પસમાં ખૂબ જ રંગારંગ માહોલ સાથે આ પાંચ દિવસીય ખેલ મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ ઉદ્‌ઘાટન સમારંભમાં શાળાના વિદ્યાર્થીઓએ રજૂ કરેલા રંગબેરંગી સાંસ્કૃતિક કાર્યક્રમો તથા દિલધડક કરતબો ડીપીએસ સ્કૂલને ખેલ મહાકુંભમાં પાંચ લાખ રૂપિયાના ઈનામો જીતવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. ક્રિકેટર મુનાફ પટેલે રમતગમત પ્રત્યે રમતોત્સવમાં દરરોજ એક રાષ્ટ્રીય કક્ષાના રમતવીર અતિથિપદે ઉપસ્થિત રહી શાળાના ખેલાડીઓનો જુસ્સો વધારશે.

## હવે ટેનિસ બૉલથી "ગુજરાત કપ" ક્રિકેટ રમાડાશે

રમતગમત તથા યુવા સાંસ્કૃતિક વિભાગના મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ ડીપીએસ ખાતે પત્રકારોને સંબોધતા ખેલ મહાકુંભની જેમ સરકાર કલા-સાહિત્ય ક્ષેત્રે "કલા મહાકુંભ"નો પ્રારંભ કરવા જઈ રહી હોવાની





જાહેરાત કરી હતી. આ ઉપરાંત તેમણે રાજ્યમાં યુવાનો ટેનિસ બૉલથી ક્રિકેટ વધુ રમે છે તે બાબતને ધ્યાનમાં રાખીને "ગુજરાત કપ"નો પ્રારંભ કરવાની પણ જાહેરાત કરી હતી. જેમાં તેમણે ટેનિસ બૉલથી ક્રિકેટની રાજ્યકક્ષાની સ્પર્ધા યોજાશે. વળી, રાજ્ય સરકાર રમતગમતના વિકાસ માટે કટિબદ્ધ હોવાનું જણાવતા તેમણે રાજ્યમાં ૪૧ કોચની નિમણૂંક રૂપિયા ૪૫ હજારના પગારથી કરી હોવાની માહિતી આપી હતી તથા આગામી સમયમાં પરંપરાગત રમતોને પ્રાધાન્ય અપાશે તેવી ખાતરી આપી હતી. તેમણે શક્તિદૂત યોજના થકી ખેલાડીઓને આર્થિક પીઠબળ પુરૂ પાડવામાં આવે છે તેવું જણાવતા રાજ્યના પૂર્વ ખેલાડીઓની સેવાઓ પણ લેવામાં આવશે તેવું જણાવ્યું હતું.

## રાહુલ ગાંધી મહેસાણામાં બપોરે ૧ વાગે જનસભા સંબોધશે

ગાંધીનગર, તા. ૧૯

કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની મહેસાણા ખાતેની જાહેર સભા અંગે પત્રકારો સાથે વાતચીતમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં નોટબંધી પછી કરોડો નાગરિકો હેરાન-પરેશાન છે. નોટબંધી બાદ જેમ જેમ દિવસો પસાર થાય છે તેમ તેમ સમસ્યા ઘટવાને બદલે વધી રહી છે ત્યારે કઠિન સમયમાં દેશના નાગરિકોની તકલીફો-મુશ્કેલીઓને વાચા આપવા કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી મહેસાણા ખાતે તા. ૨૧મી ડિસેમ્બરના ૨૦૧૬ના રોજ બપોરે ૧.૦૦ કલાકે, 'નવસર્જન ગુજરાત' - જનસભાને સંબોધન કરશે.

કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સમગ્ર દેશમાં વિવિધ રાજયોમાં જનસંપર્ક અભિયાન-જનસભા સંબોધી રહ્યાં છે ત્યારે ગુજરાતમાં મહેસાણા ખાતેની જાહેર સભા માટે અનેરો ઉત્સાહ કાર્યકરો અને સામાન્ય નાગરિકોમાં જોવા મળી રહ્યો છે. ઉત્તર ગુજરાતના મહેસાણાથી કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની જનસભા બાદ અન્ય વિસ્તારો માટે પણ રાહુલજીનો વિશેષ કાર્યક્રમ ઘડી કઢાશે. ગુજરાતમાં અને ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં ખેડૂતો પારાવાર મુશ્કેલી ભોગવી રહ્યા છે. નોટબંધીના કારણે લાખો લોકોની રોજગારી પર ગંભીર અસર થઈ છે. ગુજરાતમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ કથળી ગઈ છે. શિક્ષણ, આરોગ્ય, રોજગાર, રહેઠાણ, સિંચાઈનું પાણી, ખેત પેદાશોના ભાવ સહિત અનેક ક્ષેત્રોમાં ભાજપ સરકાર સંપૂર્ણ નિષ્ફળ નીવડી છે ત્યારે કોંગ્રેસ પક્ષના રાષ્ટીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની ગુજરાતની જનસભા વિશેષ મહત્વ ધરાવે છે.



## ગાંધીનગર તાલુકા શિક્ષણની કચેરી પેપરલેસ કચેરી બની

ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી જિલ્લાની પ્રથમ પેપરલેસ કચેરી બની ઉભરી છે. આ કચેરીનું તમામ કામ હવે ઈ.ગર્વનન્સ થકી થશે. ગાંધીનગર તાલુકાની તમામ પ્રાથમિક શાળાના આચાર્યો હવે કોમ્પ્યુટર પર તેમનો પત્ર વ્યવહાર ઈ.મેઈલ કરીને કરશે. આ ઉપરાંત નિવૃત્ત થનાર શિક્ષકો માટે પણ એક અલાયદુ સોફટવેર તંત્ર દ્વારા ડેવલપ કરવામાં આવ્યું છે. જેથી હવે શિક્ષકોને તાલુકા કચેરીના ધક્કા ખાવા પડશે નહિ. તાલુકા પંચાયતની કચેરીમાં આવેલ આ પેપરલેસ કચેરી દ્વારા પત્રનો જવાબ પણ ઈ.મેઈલથી જ આપવામાં આવશે. તાલુકાની તમામ શાળાઓ પાસે ઈ.કનેક્ટીવીટી હોવાથી આ કામ સરળ બન્યું છે.